જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૦/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-      સમાચાર યાદી નં.૨૨૦૯ /૧૫**

**મોટર સાયકલ ઉપર ચીલ ઝડપ કરી ચેઈન ની લુંટ કરનાર બે ઈસમોને પકડતી ક્રાઈમબ્રાન્ચ.**

અમદાવાદ શહેરના જાહેર માર્ગો ઉપર મોટર સાયકલ ઉપર આવી ચીલ ઝડપ કરી ગળામાં પહેરેલ સોનાની ચેઈનની લુંટ કરવા અંગેના બનાવો બનવા પામતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને આજરોજ તા.૩૦/૧૦/૨૦૧૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ. શ્રી બી.એચ.કોરોટ તથા જે.એન.ગોસ્વામી નાઓ તેઓના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે નારોલ ટર્નીગ પાસે રોડ ઉપર આસીફ ઉર્ફે રીજ્જુ મનેખા મૈવ  ઉ.વ.૨૬ રહે. ૨૩૪/ મકદુમ નગર વિભાગ-૨ અલફલા રો હાઉસ સામે સૈયદવાડી વટવા અ'વાદ શહેર  .તથા મંહમદ ફારૂક ઉર્ફે છરા અનુલહક અંસારી ઉ.વ.૨૮ રહે.સંજયનગર ના છાપરા મોનોગ્રામ મીલ પાછળ રખિયાલ બાપુનગર અમદાવાદ શહેર નાઓને કબ્જા માંથી ની સોનાની ચેઈન નંગ-૫ કિ.રુ.૧૩૫૦૦૦/- ની તથા તેઓના કબ્જાની હોન્ડા સાઇન મોટર સાયકલ નં જેની કિ.રૂ.૧૦,૦૦૦/- ગણી જે  કુલ્લે કિ. રુ.૧૪૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઈ જેઓના કબ્જાનો આ મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં આરોપી ઓ ભેગા મળી બન્ને જણા એ આજથી પાંચેક મહીના પહેલા મોટર સાયકલ  ઉપર બન્ને જણા ચેઈન સ્નેચીંગ કરવાનુ પ્લાન બનાવેલ અને મોટર સાયકલ પાછળ બેસી જતી મહિલાઓ તેમજ એકલ દોકલ જતી મહિલાઓને ટાર્ગેટ બનાવી બન્ને જણા મોટર સાયકલ પર આવી ચીલઝડપ કરી મહિલાના ગળામાંથી ચેઈન તોડવાનુ કામ કરેલ હોવાનુ અને તે મુજબ અમરાઇવાડી ટોરેન્ટો પાવર પાસે મહીલાના ગળા માંથી સોનાની ચેઈન ખેંચેલ તેમજ મણીનગર



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

જવાહરચોક ચાર રસ્તા પાસે મહિલાના ગળામાંથી ચેઈન તોડેલ હોવાનુ તેમજ ખોખરા એપરલપાર્ક સામે થી એક મહીલા ના ગળા માંથી ચેઈન તોડેલાની તથા ખોખરા મણીયાસા સોસાયટી પાસે થી મહીલા ના ગળા માં થી ચેઇન તોડેલાની તેમજ કાંકરીયા દેશી લોહાણા વાડી પાસે થી મહીલા ના ગળા માં ચેઈન તોડેલ હોવાની કબુલાત કરતાં હોય તેમજ બીજા અન્ય આવા પ્રકાર ના ગુના કરેલા ની શક્યતા હોય જે આધારે તપાસ કરતાં નીચે મુજબના ચેઈન સ્નેચીંગ ના ગુનાઓ શોધાયેલ છે.

1. અમરાઈવાડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૧/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૯૨, મુજબ
2. મણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૪૬/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ,૩૫૬.૩૭૯,૧૧૪ મુજબ
3. ખોખરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૦૬/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૫૬,૩૭૯,૧૧૪ મુજબ
4. ખોખરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૧/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૫૬,૩૭૯,૧૧૪ મુજબ
5. **કાગડાપીઠ પો.સ્ટે** ફ ગુ ર નં ૧૪૬/૧૫ ઇપીકો કલમ ૩૯૨.૧૧૪

આમ, આરોપીની પુછપરછ દરમ્યાન એ રીતેના ઉપર મુજબના ગુનાઓ નો ભેદ શોધાયેલ છે. આરોપીની વધુ પુછપરછ કરી આ પ્રકારની મોડસ ઓપરેન્ડી વડે બનેલ અન્ય વણશોધાયેલ ગુન્હાઓમાં આરોપીની સંડોવણી બાબતેની વધુ તપાસ તજવીજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)